# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-11-2024** **MIDDAY : 2.30 to 2.35**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# MUDRA PORT CUSTOM

કચ્છમાં આવેલા મુન્દ્રા બંદર પરથી કસ્ટમ વિભાગે પાંચ કન્ટેનર કબજે કર્યા હોવાના અહેવાલ છે. પશ્ચિમ કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે, કસ્ટમ વિભાગની વિશેષ તપાસ અને ગુપ્તચર શાખા દ્વારા કરાયેલી કાર્યવાહીમાં 140 ટન પ્રતિબંધિત ગાર્નેટ એટલે કે, લાલ રેતીની નિકાસ થઈ રહી હતી. આ રેતીનો જથ્થો કબજે કરાયો હતો. આ રેતીની વિદેશમાં અંદાજે 50 કરોડ રૂપિયાની કિંમત થાય છે.

-----------------------------------------------------------------------

- (પીટીસી- પશ્ચિમ કચ્છ- હેમાંગ પટ્ટણી- પ્રવેશ)

-(NAVIN)

# SUNAMI JAGRUTI DIWAS

ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ કચ્છ જિલ્લા વહીવટીતંત્ર, ઈન્કોઈસ, રિલાયન્સ ફાઉન્ડેશન તથા અન્ય એજન્સીઓએ કચ્છના રાપર ગઢ ગામે મેગા મોક સુનામી કવાયત હાથ ધરી હતી. યુનેસ્કો સુનામી-રેડી માન્યતા કાર્યક્રમ અનુસાર આ ગામને સુનામી સમયે કોઇપણ પરિથિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવાનો હતો.

સુનામી તૈયારીની કવાયતના ભાગરૂપે, ગામ ખાલી કરાવીને નિર્ધારિત સુરક્ષિત આશ્રયસ્થાનોમાં ખસેડાયા હતા. સવારમાં જ જીએસડીએમએ દ્વારા ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઈન્ફોર્મેશન સર્વિસીઝ તરફથી મોક એલર્ટ અપાયું હતું.

મોક ડ્રિલના ભાગરૂપે પોલીસ તથા આરોગ્ય જેવા આવશ્યક સેવા વિભાગીય કર્મચારીઓને સાબદાં રખાયા હતા જેથી આપાતકાલીન સ્થિતિને પહોંચી વળાય જ્યારે મરીન પોલીસ તેમજ મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા માછીમારોને દરિયામાં જતા રોકવામાં આવ્યા હતા. જિલ્લા શિક્ષણ કર્મચારીઓ તથા એએનએમ દ્વારા સુનિશ્ચિત કરાયું હતું કે બાળકોને સુરક્ષિત રીતે ગામમાંથી ખસેડવામાં આવે. બધું મળીને 65 બાળકો તેમજ 25 વૃદ્ધો સહિત, 290 લોકોને આ ગામમાંથી સલામત સ્થળે ખસેડાયા હતા.

આ મોક એક્સરસાઈઝનો ઉદ્દેશ સરકારી વિભાગો, સામુદાયિક અગ્રણીઓ, અને નિવાસીઓ વચ્ચે સંકલન સુદ્દઢ બનાવવાનો હતો..

---

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# GUJARAT CHHATH PUJA

બિહાર તેમજ પૂર્વ ઉત્તરપ્રદેશના લોકો માટે  મહાપર્વ ગણાતા છઠ પર્વ માટે આજે સાંજે સૂર્યને અર્ઘ્ય અર્પણ કરશે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સાંજના સમયે વ્રત કરનાર મહિલાઓ દ્વારા નદીના પાણીમાં તેમજ તૈયાર કરાયેલા કુંડમાં ઉભા રહીને સાંજે પોણા પાંચ વાગ્યે આથમતા સૂર્યને અર્ઘ્ય આપશે. જ્યારે આવતીકાલે સવારે પોણા સાત વગ્યે ઉગતા સૂર્યને અર્ઘ્ય આપવાની સાથે ચાર દિવસ ચાલનારા છઠ પર્વનું સમાપન થશે.

અમદાવાદમાં શહેરમાં ઇન્દિરા બ્રીજ પર 25 હજારથી વધુ લોકો છઠપૂજામાં ભાગ લે તેવી શક્યતા છે. ઉપરાંત મેઘાણીનગર, બાપુનગર, વસ્ત્રાલ, અમરાઈવાડી સહિતના વિસ્તારોમાં સાર્વજનિક પૂજા માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

---------------------------------------------------------------------

- ડેસ્ક – સુનિતા

# PAVAGADH TEMPLE

પંચમહાલના પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ આવતીકાલે શુક્રવારે સાંજે ચાર વાગ્યાથી શનિવારે સવારે 6 વાગ્યા સુધી દર્શનાર્થીઓ માટે બંધ રહેશે. મંદિરમાં થયેલી ચોરી બાદ મંદિરનું શુદ્ધિકરણ કરવાનું હોવાથી મંદિર બંધ રાખવાનો નિર્ણય મંદિર ટ્રસ્ટ દ્વારા લેવાયો છે.

---------------------------------------------------------------------

- **(PTC- PANCHMAHAL- PRAVESH)**

-(NAVIN)

# MEHSANA ST TRIP

મહેસાણા એસ. ટી. વિભાગે દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખી 814 વધુ ફેરાનું સંચાલન કર્યું હતું. મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, એસ. ટી. વિભાગે 11 દિવસમાં 36 હજારથી વધુ મુસાફરોએ બસ સેવાનો લાભ લીધો હતો, જેના કારણે એસ. ટી. વિભાગને 52 લાખ રૂપિયાથી વધુની આવક થઈ હતી.

---------------------------------------------------------------------

- (PTC- MEHSANA- PRAVESH)

-(NAVIN)

# Unjha Market Yard

ઊંઝા માર્કેટયાર્ડમાં લાભ પાંચમ થી શુભ મુહૂર્ત કરાયું હતું.જેમાં 14 હજાર બોરી જીરાની આવક થઈ હતી. મુહૂર્તમાં વીસ કિલોગ્રામના ભાવમાં 4 હજાર 51 રૂપિયા થી લઈ ને 5 હજાર 35 રૂપિયા સુધીના ભાવ બોલાયા હતા. જ્યારે વરિયાળી માં બે હજાર બોરીની આવક થઈ હતી.વરિયાળીના મણનો ભાવ 1 હજાર 101 રૂપિયા થી 2 હજાર 15 રૂપિયા સુધીના રહ્યા હતા. ઇસબગુલ નો ભાવ 2100 રૂપિયા થી 2 હજાર 811 રૂપિયા સુધી રહ્યો હતો. જ્યારે રાયડાનો ભાવ 11 સો 1 થી 12 સો 01 રૂપિયા સુધીના રહ્યા હતા.

તો વિસનગર માર્કેટયાર્ડમાં માં 20 ગાડી કપાસની આવક થઈ હતી. જેમાં મણના ભાવ 1440 રૂપિયા થી 1 હજાર 545 રૂપિયા સુધી ના રહ્યા હતા.

---

- પીટીસી મહેસાણા / યશવી મહેતા

-(NAVIN)

# PM Jeevan Jyot Vima Yojana

પ્રધાનમંત્રી જીવન જ્યોત વિમા યોજના લોકો માટે આશીર્વાદરૂપ બની રહી છે. મહેસાણાના પ્રજાપતિ દિપીકાબેન ખેત મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. અચાનક જ તેમને શ્વાસની તકલીફ થતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ થયું હતું.

તેમણે પ્રધાનમંત્રી જીવન જ્યોત વિમાં યોજનાનું 436 રૂપિયાનુ પ્રીમિયમ ભરેલ હતું. જેથી સરકાર દ્વારા તેમના વારસદારના ખાતામાં આ યોજના થકી રૂપિયા 2 લાખની સહાય આપવામાં આવી હતી. પરિવારજનોએ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

---

- NDMS, કરણ

-(NAVIN)

# SCHOOL GAMES

અમદાવાદના ગોધાવી ખાતે સંસ્કારધામ સ્કૂલ કેમ્પસમાં આવેલા વિજયી ભારત ફાઉન્ડેશન ખાતે 10 નવેમ્બર સુધી રાજ્ય કક્ષાની ફેન્સિંગ સ્પર્ધાનું આયોજન કરાયું છે. ગુજરાત રમતગમત સત્તા મંડળ અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, અમદાવાદ ગ્રામ્યના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહેલી આ સ્પર્ધાઓમાં અંડર-૧૪, ૧૭ અને ૧૯ વયજૂથના એક હજારથી વધુ ખેલાડી ભાઈઓ-બહેનો ભાગ લેશે.

---------------------------------------------------------------------

- રિપીટ (સાંજની બાકી)

# DIU SCOUT GUIDE DAY

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ફૂદમમાં આવેલી અંગ્રેજી માધ્યમની શાળામાં સ્કાઉટ ગાઈડના વિદ્યાર્થીઓ દ્વારા સ્કાઉટ ગાઈડ સ્થાપના દિવસ ઉજવાયો હતો. દરમિયાન સ્કાઉટ ગાઈડ ઑફિસર વૈભવ સિંગ અને ફાઉન્ડર વિડન પાવરે સ્કાઉટ ગાઈડની સ્થાપના અંગે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પણ સ્કાઉટ ગાઈડ પ્રાર્થના કરી તથા શપથગ્રહણ કર્યા હતા. તેમજ સ્કાઉટ ગાઈડના સ્થાપક વિડન પાવરની તસવીર પર પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

---------------------------------------------------------------------------

- (PTC- DIU- PRAVESH)

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................